### ૧૧.૧૦. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલી મિટિંગનું ઓનલાઈન આયોજન

તા.૦૯/૦૪/૨૦૨૧ ને શુક્રવારના રોજ કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના અધ્યક્ષપણા હેઠળ કોલેજની IQAC કમિટી દ્વારા સમય:૦૯:૧૫ થી ૧૦:૪૫ કલાકે 'વાલી મિટિંગ' તેમજ સમય: ૧૦:૧૫ થી ૧૧:૦૦ દરમ્યાન "ભૂતપૂર્વ વિદ્યાર્થી મિટિંગ'નુ આયોજન ઓનલાઈન ગૂગલ મીટનાં માધ્યમથી કરવામાં આવ્યુ હતુ.



"વાલી મિટિંગ"માં સંબોધન કરતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ




"ભૂતપૂર્વ વિદ્યાર્થી મિટિંગ"માં સંબોધન કરતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ પટેલ

# ૧૨. દૈનિક વર્તમાન પત્રોમાં પ્રકાશિત થયેલ વિવિધ પ્રવુતિઓના અહેવાલ

**દિવ્ય ભાસ્કર — વાપી ભાસ્કર 31-08-2020**

## ખેરગામ કોલેજમાં વેબિનારનું આયોજન કરાયું



ખેરગામ|ખેરગામ કોલેજમાં આર્ટસ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે IQAC અને રૂસા કમ્પોનન્ટ-9 ના સંયુક્ત ઉપક્રમે "સહકારી સંસ્થાઓની પ્રવૃત્તિઓ અને કામગીરી" વિષય પર ઓનલાઈન એજ્યુકેશન માટેની માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી બે દિવસીય ઓનલાઈન વેબિનારનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે આચાર્ય ડો. એસ.એમ.પટેલ, કેતનભાઈ દેસાઈ, વિષ્ણુભાઈ પઢીયા, ડો.ડી.એમ.નકુમભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

**દિવ્ય ભાસ્કર — વાપી ભાસ્કર 03-09-2020**

## ખેરગામમાં કોલેજમાં વિદ્યાર્થીઓ માટે વેબિનાર યોજાયો

ખેરગામ|ખેરગામ સરકારી કોલેજમાં કોમર્સના વિદ્યાર્થીઓ માટે IQAC અને રૂસા કમ્પોનન્ટ-9 ના સંયુક્ત ઉપક્રમે આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ઓનલાઈન વેબિનારનું આયોજન કર્યું હતું. જે નિમિત્તે દયાળજી પટેલ વક્તા, ટ્રેનર કેતન દેસાઈ, પ્રા. સુનિલ ઉપસ્થિત હતાં.

**દિવ્ય ભાસ્કર — નવસારી 03-09-2020**

## ખેરગામમાં સહકારી પ્રવૃત્તિઓ અને કામગીરી વિષય સંદર્ભે વેબિનાર યોજાયો

ખેરગામ | ખેરગામ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓ માટે IQAC અને રૂસા કમ્પોનન્ટ-9ના સંયુક્ત ઉપક્રમે 'સહકારી સંસ્થાની પ્રવૃત્તિઓ અને કામગીરી' વિષય પર ઓનલાઈન એજ્યુકેશન માટેની માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ઓનલાઈન સેમિનાર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે દયાળજીભાઈ ગો. પટેલ સહકારી વ્યવસ્થાપન તાલીમ કેન્દ્ર, કામરેજ ચારરસ્તા, જિ.સુરતથી વક્તા તરીકે ઉપસ્થિત ટ્રેનર કેતનભાઈ દેસાઈનું સંસ્થાનાં પ્રા. સુનિલભાઈ જાદવે શાબ્દિક પરિચય આપી કોલેજ પરિવાર વતી એમને આવકાર્યા હતા. આ વેબિનાર/સેમિનારનો ઉદ્દેશ કોલેજના વિદ્યાર્થીઓ સહકારી સંસ્થાની કામગીરી, સેવાથી પરિચિત થાય તે માટે સહકારીતાના વ્યાપને સમજે અને પોતાના જીવનમાં પ્રગતિ કરે એ હતો. વિદ્યાર્થીઓ, સ્ટાફગણ તાલિમાર્થીઓએ ઉત્સાહથી આ વેબિનારનો લાભ લીધો હતો.

**દિવ્ય ભાસ્કર — વાપી ભાસ્કર 03-09-2020**

## ખેરગામ કોલેજમાં ઓનલાઈન કવીઝ સ્પર્ધા યોજાઈ



ખેરગામ|સરકારી કોલેજ ખેરગામ ખાતે સપ્તધારા અન્વયે આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેથળ "રાષ્ટ્રીય ખેલ દિવસ" નિમિતે મેજર ધ્યાનચંદનાં જન્મ દિવસ પર કોલેજ લેવલની "ઓનલાઈન ક્વીઝ" સ્પર્ધાનું પ્રા. બિપિનચંદ્ર એસ. પટેલ દ્વારા આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં સ્ટાફ ગણ તથા વિદ્યાર્થીઓ મળીને કુલ 210 સ્પર્ધકો સહભાગી બન્યા હતા. જેમાં 156 સ્પર્ધકોએ ઓનલાઈન ઈ-સર્ટી મેળવ્યા હતા.

**દિવ્ય ભાસ્કર — નવસારી 03-09-2020**

## ખેરગામ કોલેજમાં ઓનલાઈન કવીઝ સ્પર્ધા યોજાઈ

ખેરગામ | ખેરગામ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં સપ્તધારા અન્વયે ખેલકૂદ ધારા અંતર્ગત સંસ્થાના આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય ખેલ દિવસ' નિમિત્તે મેજર ધ્યાનચંદનાં જન્મ દિવસ પર કોલેજ લેવલની 'ઓનલાઈન ક્વીઝ' સ્પર્ધાનું શારીરિક શિક્ષણના પ્રા. બિપીનચંદ્ર પટેલ દ્વારા આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓ મળીને કુલ 210 સ્પર્ધકો સહભાગી બન્યા હતા, જેમાં 156 સ્પર્ધકોએ ઓનલાઈન ઈ-સર્ટી. મેળવ્યા હતા.

**દિવ્ય ભાસ્કર — વાપી ભાસ્કર 12-09-2020**

## ખેરગામ કોલેજમાં એક દિવસીય વેબીનાર યોજાયો

ખેરગામ|સરકારી કોલેજ ખેરગામ ખાતે IQAC અને પરીક્ષા સુધારણા સમિતિના સંયુક્ત ઉપક્રમે આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દ.ગુ. યુનિવર્સિટી સુરત દ્વારા 10 સપ્ટેમ્બરથી શરૂ વાર્ષિક પરીક્ષાની સાવચેતીના ભાગ રૂપે "કોવિડ-19 વૈશ્વિક મહામારીના સમયમાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં રાખવાની સાવચેતી" વિષયના સંદર્ભે એક દિવસીય વેબિનારનું ઓનલાઈન ગુગલમીટના માધ્યમથી કર્યું હતું. ખેરગામ M.S. ડો. નિરવભાઈ પટેલે વિદ્યાર્થીઓને કોવિડ-19 ના રોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## ખેરગામ કોલેજમાં ઈતિહાસ (પ્રાચીન ભારત) વિષય સંદર્ભે વેબિનાર યોજાયો

[illegible]

**દિવ્ય ભાસ્કર — નવસારી 06-10-2020**

## ખેરગામની કોલેજમાં "રાષ્ટ્રીય નવી તાલીમ સપ્તાહ"ની ઉજવણી

ખેરગામ | ખેરગામ કોલેજ ખાતે IQAC, REDC, સપ્તધારા, રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) અને ઈતિહાસ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રીય નવી તાલીમ સપ્તાહ"ની ઉજવણી સંસ્થાના આચાર્ય ડો.સંજયકુમાર એમ.પટેલના માર્ગદર્શન હેઠળ કરાઈ હતી. જે નિમિત્તે ઓનલાઈન ક્વીઝ સ્પર્ધા, ગાંધીગીત સ્પર્ધા, ગાંધીજી અને ભારત, ગાંધીજી અને નઈ તાલીમ વિષય પર વક્તુત્વ સ્પર્ધા, વિઝિટિંગ લેક્ચરર, ડિપાર્ટમેન્ટ ઓફ હિસ્ટ્રી ભાવનગર યુનિવર્સિટી ભાવનગરના પ્રા. ડો.ગિરિશભાઈ વાઘેલાએ "ગાંધીજી અને દક્ષિણ આફ્રિકા" અને પી.આર.બી. આર્ટસ & પી.જી.આર. કોમર્સ કોલેજ બારડોલી, ઈતિહાસ વિભાગના અધ્યક્ષ એસોસિએટ પ્રો. અમીબેન નાયકે "ગાંધીજી અને દાંડીકૂચ" તેમજ મધુર મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ગ્રામીણ અર્થશાસ્ત્ર વિભાગના પ્રો. ડો.હસમુખભાઈ જી.દેસાઈએ "ગાંધીજી અને ગ્રામસ્વરાજ" જેવા વિવિધ ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. આ સમગ્ર ઉજવણીની કામગીરી વિવિધ અધ્યાપકોએ સુપેરે પાર પાડી સફળ બનાવી હતી.

